# ॥ 30 ॥

જગ આખામાં શોધી રહ્યો એ, આનંદ તારી પાસ છે, (૨)
હૃદયાકાશે જો તો જરી તું, (૨) અક્ષર રૂપ ઉજાસ છે...
જગ આખામાં...

ના ધનમાં, ના તનમાં વનમાં, ના મનના તરંગમાં,
ના સાધન, ના સંસાધનમાં, ના ગુણ-દોષ દ્વન્દ્વમાં, (૨)
આનંદ એ તો નિર્મળ નિરંજન, (૨) નિત્ય અનુપમ દિવ્ય પરમ...
જગ આખામાં...

ગુરુ શરણમાં, ગુરુ વચનમાં, આનંદ સેવા સુમિરનમાં,
સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ મનમાં, (૨)
સાધુ હે! પરમ આનંદ સાહેબ, (૨) આનંદ એ બ્રહ્મ-સહજાનંદ...
જગ આખામાં શોધી રહ્યો એ આનંદ તારી પાસ છે, (૨)
હૃદયાકાશે જો તો જરી તું, (૨) અક્ષર રૂપ ઉજાસ છે...
જગ આખામાં શોધી રહ્યો એ <u>આનંદ તારી પાસ છે</u>... (૩)

❀